પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૬૯ | ૧૯ મે, ૨૦૧૮, શનિવાર ; અ. જેઠ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**હવાઈમાં રાખનો વરસાદ**

હવાઈના કિલાઉ જ્વાળામુખીમાં અત્યાર સુધીના સૌથી મોટા બ્લાસ્ટ થયા હતા. જેના કારણે ૩૦ હજાર ફૂટ ઉંચે રાખ અને ધુમાડાના થર જોવા મળ્યા હતા. જેના કારણે આસપાસના વિસ્તારોમાં રાખ અને કાટમાળનો વરસાદ થયો હતો.

**ઉત્તરાખંડમાં ૧૨ તીર્થયાત્રીઓના અકસ્માતે મોત**

ઉત્તારાખંડમાં ટનકપુર-બનબસા હાઈવે પર એક બેકાબુ ડમ્પરે પૂર્ણાગીરી ધામ જઈ રહેલા તીર્થયાત્રીઓને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં પગપાળા જઈ રહેલા ૧૨ તીર્થયાત્રીઓના મોત થયા છે ૧૪ને ઈજા.

**હાફિઝ ખતરારૂપ : અમેરિકા**

અમેરિકાના સ્ટેટ વિભાગના પ્રવક્તા હીયર નુઆર્ટે કહ્યુ છે કે હાફિઝ સઈદ ખુલ્લો ફરી રહ્યો છે તે જબરજસ્ત ચિંતાનો વિષય છે, અમે તેની ધરપકડ પર ઈનામ જાહેર કર્યુ છે.

**રીફંડની સ્થિતિ પળે-પળ જાણી શકાશે**

રેલયાત્રીઓ હવે રદ કરાયેલ પોતાની ટીકીટોની રીફંડની સ્થિતિ પર સતત નજર રાખી શકશે. તાજેતરમાં જ રેલવે દ્વારા આ સુવિધા શરૂ કરાઈ છે.

**ઈ-સીમને સરકારની મંજુરી**

સરકારે ઈ-સીમના ઉપયોગની મંજુરી આપી દીધી છે. હવે ગ્રાહકોએ સર્વિસ પ્રોવાઈડર બદલતી વખતે નવુ સીમ ખરીદવુ નહી પડે. સાથે જ હવે ગ્રાહકો મહત્તમ ૧૮ સીમ રાખી શકશે.

# કર્ણાટકમાં ભાજપ-કોંગ્રેસની શાખ દાવ પર

**યેદીયુરપ્પાને આજે બહુમતિ પુરવાર કરવી પડશે : કર્ણાટકમાં જારી રાજકીય સંગ્રામ વચ્ચે સુપ્રીમ કોર્ટનો આદેશ : સુપ્રીમની ત્રણ જજની બેંચે તર્કદાર દલીલો ઉપર સુનાવણી કર્યા બાદ આદેશ કર્યો : યેદીયુરપ્પા પાસે આંકડાઓ એકત્રિત કરવા માટે ખુબ જ ઓછો સમય : સુપ્રિમ કોર્ટે આજે સાંજે ૪-૦૦ વાગે ભાજપને ગૃહમાં બહુમત સાબિત કરવાનો આદેશ કર્યો**



બેંગલોર,તા. ૧૮

કર્ણાટકમાં મુખ્યપ્રધાન બીએસ યેદીયુરપ્પાની સામે મોટો પડકાર ઉભો થઈ ગયો છે. કારણ કે તેમને આવતીકાલે શનિવારે સાંજે ચાર વાગે ફ્લોર ટેસ્ટ કરવા માટે કહેવામાં આવ્યુ છે. સુપ્રીમ કોર્ટે આજે કર્ણાટકમાં ગુંચવણના મામલે સુનાવણી હાથ ધરી હતી. આખરે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યુ હતુ કે આવતીકાલે ચાર વાગે બહુમતિ પરીક્ષણ કરવામાં આવનાર છે. કોંગ્રેસના વકીલ સિંઘવી દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે કોઈ પણ વિલં વગર ફ્લોર ટેસ્ટ કરવામાં આવે તે જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી વેળા કહ્યુ હતુ કે ભાજપ સૌથી મોટી પાર્ટી છે. આ ઉપરાંત બે વિકલ્પ છે. રાજ્યપાલ વજુભાઈ વાળાના નિર્ણયનુ પણ પરીક્ષણ કરવામાં આવનાર છે. શનિવારના દિવસે જ ફ્લોર ટેસ્ટ કરવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે સુનાવણી વેળા એમ પણ કહ્યુ હતુ કે પ્રી પોલ અલાયન્સ પોસ્ટ પોલ એલાયન્સ કરતા અલગ છે. જેથી પરીક્ષણ ગૃહમાં ફ્લોર ટેસ્ટ મારફતે કરાશે. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન યેદીયુરપ્પાના મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કર્ણાટકની રાજનીતિમાં સમગ્ર

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના કેજી બોપૈયા પ્રોટેમ સ્પીકર બન્યા

**બોપૈયાને પ્રોટેમ સ્પીકર બનાવવામાં આવતા કોંગ્રેસ દ્વારા જોરદાર વાંધો ઉઠાવ્યો : નિયમોની વિરુદ્ધમાં વરણી થઇ**



બેંગ્લોર, તા. ૧૮

કર્ણાટક વિધાનસભામાં આવતીકાલે થનાર બહુમત પરીક્ષણ માટે ગવર્નરે પ્રોટેમ સ્પીકર તરીકે ભાજપના એમએલએ કેજી બોપૈયાની નિમણૂંક કરી છે. આ પહેલા કોંગ્રેસના ધારાસભ્ય આરવી દેશપાંડે અને ભાજપના ઉમેશ પટ્ટીના નામને લઈને ચર્ચા રહી હતી. ગૃહના સૌથી સિનિયર ધારાસભ્યને આ હોદ્દા ઉપર રાખવામાં આવે છે. બોપૈયા ત્રણ વખત ભાજપની ટિકિટ ઉપર ધારાસભ્ય તરીકે રહ્યા છે. શક્તિપરીક્ષણનું કામ ત્યારબાદ પ્રોટેમ સ્પીકરના નેતૃત્વ અને તેમની દેખરેખ હેઠળ થશે. કોંગ્રેસ પાર્ટીએ બોપૈયાને પ્રોટેમ સ્પીકર બનાવવાનો વિરોધ કર્યો છે. કોંગ્રેસના નેતા અભિષેક મનુ સિંઘવીએ કહ્યું છે કે, જે કામ ભાજપે કર્યું છે તે નિયમોની વિરુદ્ધ છે. આદર્શ રીતે સૌથી સિનિયર સભ્યને આ હોદ્દા ઉપર રાખવામાં આવે છે. બીજી બાજુ ભાજપના વરિષ્ઠ નેતા પ્રકાશ જાવડેકરે કહ્યું છે કે, કેજી બોપૈયાને ૨૦૦૮માં પણ એજ વખતે રાજ્યપાલે પ્રોટેમ સ્પીકર બનાવ્યા હતા. બોપૈયાની વય તે વખતે આજથી પણ ૧૦ વર્ષ ઓછી હતી. આવી સ્થિતિમાં કોંગ્રેસની દલીલબાજી આધારવગરની છે. બોપૈયાની નિમણૂંક સંપૂર્ણપણે પારદર્શકરીતે અને નિયમ મુજબ થઈ છે. પ્રોટેમ સ્પીકરના નામની જાહેરાત થયા બાદ કોંગ્રેસના આઠ

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ અને જેડીએસ વિધાયકોને ડીજીપી સુરક્ષા આપે : સુપ્રીમકોર્ટ

ન્યુ દિલ્હી,તા.૧૮

સુપ્રીમકોર્ટ દ્વારા શુક્રવારે કર્ણાટકમાં બહુમત આંકડાને લઈને સુનાવણી કરવામાં આવી. જેમાં ભાજપને શનિવારે સાંજે ૪ વાગ્યા સુધી સદનમાં બહુમત સાબિત કરવાનો આદેશ આપ્યો. તેની સાથે સાથે સુપ્રીમકોર્ટ કર્ણાટક ડીજીપી માટે પણ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ કોંગ્રેસ અને જેડીએસ બધા જ વિધાયકોને સુરક્ષા આપે. આ મામલે કોંગ્રેસ અને જેડીએસ દ્વારા ભાજપા પર તેમના વિધાયકો તોડવાનો આરોપ લગાવ્યો છે.

કોંગ્રેસ તરફથી અભિષેક મનુ સંઘવી અને જેડીએસ તરફથી સુપ્રીમકોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું કે તેમના ગઠબંધને રાજ્યપાલને પહેલા વિધાયકોની સહી સાથે સમર્થન પત્ર આપવામાં આવ્યું હતું. એટલા માટે તેમને પહેલા બહુમત સાબિત કરવાનો મોકો મળવો જોઈએ. સુપ્રીમકોર્ટમાં કપિલ સિબ્બલ દ્વારા જણાવવામાં આવ્યું કે તેમને પહેલા બહુમત સાબિત કરવાનો મોકો આપવો જોઈએ અને તેઓ કોઈ પણ સમયે બહુમત સાબિત કરી શકે છે.

## કર્ણાટકમાં ઓછામાં ઓછા ૧૪ ધારાસભ્યો ગેરહાજર રખાવી શકે તો ભાજપ જીતશે

બેંગ્લુરુ,તા.૧૮

સુપ્રીમ કોર્ટે આવતીકાલે, શનિવારે સાંજે ૪ વાગ્યે ભાજપની યેદિયુરપ્પા સરકારને બહુમત સાબીત કરવાનો આદેશ આપ્યો છે. યેદિયુરપ્પાએ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે કે મારી સરકાર બહુમત સાબીત કરશે.જોકે હવે સવાલ એ છે કે આવુ કેવી રીતે શક્ય બનશે.હાલમાં વિધાનસભામાં ૨૨૨ ધારાસભ્ય ચૂંટાયા છે.કુમારસ્વામી બે બેઠક પરથી ચૂંટાયા હોવાથી કુલ સંખ્યા ૨૨૧ થાય છે.આ હિસાબે ભાજપને ૧૧૧ બેઠકોની બહુમત સાબીત કરવા માટે જરૂર છે. બીજી તરફ કોંગ્રેસ અને જેડીએસનો દાવો છેકે અમારા ૧૧૫ ધારાસભ્ય હૈદ્રાબાદમાં મોજુદ છે.એક ધારાસભ્ય આનંદ સિંહ ભલે સાથે નથી પણ તેમનુ સમર્થનપત્ર છે. આ સંજોગોમાં એવી અટકળો લગાવવામાં આવી રહી છે કે ભાજપ બહુમત તો જ સાબીત કરી શકે જ્યારે કોંગ્રેસ અને જેડીએસના કેટલાક ધારાસભ્યો વિધાનસભામાં ગેરહાજર રહે.ઓછામાં ઓછા ૧૪ ધારાસભ્યો ફ્લોર ટેસ્ટ દરમિયાન ગેરહાજર રહેવા જરૂરી છે.

આ સંજોગોમાં વિધાનસભાની ૨૦૭ બેઠકો રહે છે અને ભાજપ ૧૦૪ બેઠકોના આધારે બહુમત સાબીત કરી શકે છે. પણ આવુ શક્ય બનશે ખરુ... ભાજપની નજર જેડીએસ અને કોંગ્રેસના કેટલાક વિધાયકો પર છે.જેમને ફ્લોર ટેસ્ટ દરમિયાન ગેરહાજર રાખવા ભાજપ પ્રયાસ કરશે.અટકળો પ્રમાણે કોંગ્રેસમાંથી ચૂંટાયેલા લિંગાયત સમુદાયના ૭ ધારાસભ્યો ગેરહાજર રહી શકે છે.કારણકે લિંગાયત અને જેડીએસના કુમારસ્વામી જેમાંથી આવે છે તે વોક્કાલિગા સમુદાય વચ્ચે દુશ્મની જુની છે.

## કર્ણાટકની ઝાળ બિહાર, ગોવા અને મણિપુરને પણ લાગી

**ગોવામાં કોંગ્રેસ, બિહારમાં આરજેડી, મણિપુરમાં ઈબોબી સિંહે રાજ્યપાલ સાથે મુલાકાત કરી : ૫ રાજ્યોમાં વિપક્ષની સરકાર બનાવવાની માગ**

ન્યુ દિલ્હી,તા.૧૮

કર્ણાટકમાં રાજ્યપાલ તરફથી સૌથી મોટી પાર્ટીને સરકાર બનાવવાની તક આપવાની ઝાળ હવે બિહાર, મણિપુર ગોવામાં લાગી છે. આ તમામ રાજ્યોમાં વિરોધ પક્ષમાં બેઠેલી પાર્ટીઓ રાજ્યપાલને મળીને સરકાર રચવાનો દાવો કરી રહી છે.

બિહારના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી યેજસ્વી યાદવે રાજ્યપાલ સત્યપાલ મલિકને મળીને સરકાર રચવાનો દાવો રજુ કર્યો છે. તેવી જ રીતે કોંગ્રેસે ગોવામાં સરકાર રચવાનો દાવો કર્યો છે અને રાજ્યપાલ મૃદુલા સિન્હાને પત્ર સોંપીને સદનમાં બહુમત સાબિત કરવા માટે આમંત્રણ આપવાની માંગણી કરી છે.

બિહાર અને ગોવાના પગલે પગલે મણિપુર વિધાનસભાના વિરોધ પક્ષના નેતા ઓ ઈબોબી સિંહે પણ રાજ્યપાલ સાથે મુલાકાત કરીને રાજ્યમાં સૌથી મોટી કોંગ્રેસને સરકાર બનાવવા માટે નિમંત્રવાનું કહેવાની માંગણી કરી છે.

મણિપુરમાં ૨૦૧૭માં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી દરમિયાન ૬૦ બેઠકોમાંથી તેમની પાર્ટીને ૨૮ બેઠકો પર જીત મળી હતી. આ સાથે જ કોંગ્રેસ અહીં સૌથી મોટી પાર્ટી બનીએ હતી. માટે તેઓ હવે સરકાર રચવાનો દાવો રજુ કરી રહી છે. ઈબોબી સિંહે કહ્યું હતું કે, રાજ્યપાલે મણિપુર વિધાનસભામાં ૬૦માંથી ૨૧ બેઠકો જીતનારી ભાજપને સરકાર બનાવવાનું આમંત્રણ આપ્યું હતું.

કોંગ્રેસે આ મામ્લે રાષ્ટ્રપતિ સમક્ષ ઉઠાવવાની પણ માંગણી કરી છે. રાજ્યસભામાં કોંગ્રેસના નેતા ગુલામ નબી આઝાદ કર્ણાટક વિધાનસભાને લઈને આવતી કાલે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરશે. જ્યારે કોંગ્રેસના મહાસચિવ અશોક ગહલોતે પ્રદેશ કોંગ્રેસ નેતાઓને પત્ર લખીને મોટા સ્તર પર કર્ણાટકના રાજ્યપાન નિર્ણય વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન કરવાની અપીલ કરી છે. જયપુર, ગોવા, બેંગલુરૂ અને ભોપાલ સહિત દેશભરમાં કોંગ્રેસ કાર્યકર્તા કર્ણાટક મામલે પ્રદર્શનો કરશે.

# સરહદ પર પાકની નફ્ફટાઈ

**રમઝાન પર્વે ભારતે યુદ્ધવિરામ જાહેર કર્યુ હોવા છતાં નાપાક પાકનો અંકુશરેખા પર ગોળીબાર : એક જવાન સહિત ૫ મોત : સતત ત્રીજા દિવસે અંકુશરેખા ઉપર ભારતીય ચોકીઓ અને નાગરિક વિસ્તારમાં ભીષણ ગોળીબાર**



શ્રીનગર,તા. ૧૮

રમજાનના પવિત્ર મહિના દરમિયાન ત્રાસવાદીઓ સામે કોઈ પણ ઓપરેશન હાથ નહીં ધરવાની જાહેરાત ભારત સરકારે કરી હોવા છતાં પાકિસ્તાની સેના પર તેની કોઈ અસર થઈ નથી. પાકિસ્તાને સરહદ પર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર જારી રાખ્યો છે. પાકિસ્તાનના કૃત્યોના કારણે ફરી એકવાર સાબિત થઈ ગયુ છે કે તે હિંસાને જારી રાખવા માટે ઈચ્છુક છે.પાકિસ્તાની સૈનિકોએ આજે જમ્મુ કાશ્મીરના જુદા જુદા સેક્ટરોમાં અંકુશરેખા પર ભારતીય ચોકીઓ ઉપર ભીષણ ગોળીબાર કર્યો તો. આરએસપુરા, વિશ્વનાથ અને અરણિયા સેક્ટરમાં ભારતીય ચોકી ઉપર ભીષણ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેમાં ચાર નાગરિકો અને બીએસએફના એક જવાનનું મોત થયું છે. જ્યારે બીએસએફના એક ઓફિસર સહિત અન્ય ૧૨ લોકો પાકિસ્તાનના ગોળીબારમાં ઘાયલ થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જમ્મુ કાશ્મીરની યાત્રા પહેલા સતત ત્રીજા દિવસે પાકિસ્તાને ગોળીબાર કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં ઈન્ડોનેશિયાના પ્રવાસે જશે

**ઇન્ડોનેશિયા સબાંગમાં પ્રવેશની મંજુરી આપશે : ભારતીય નૌકાસેના માટે મોટી ભેંટ મળે તેવી પણ શક્યતા**

નવીદિલ્હી, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટૂંક સમયમાં જ ઈન્ડોનેશિયાના પ્રવાસે જનાર છે. આ પહેલા જાકાર્તા તરફથી કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. એમ માનવામાં આવે છે કે, ઈન્ડોનેશિયા તરફથી ભારતીય જહાજોને ઉંડા દરિયાવાળા પોતાના ક્ષેત્ર સબાંગમાં પ્રવેશ કરવાની મંજુરી મળી શકે છે. ભારતીય નૌકા સેનાએ ઈન્ડોનેશિયા તરફથી મોટી રાહત મળવાના સમાચાર દેખાઈ રહ્યા છે. ઈન્ડોનેશિયાના નૌકા સેનાના મામલાના પ્રધાન લુહુચ પંડજૈતાને માહિતી આપતા આ મજબની વાત કરી છે. જો કો સરકારમાં નૌસેના મામલાઓના મંત્રીએ કહ્યું છે કે, ભારત અને ઈન્ડોનેશિયા બંનેએ સાથે મળીને ૨૦૧૭માં નૌસેના અભ્યાસની કામગીરી હાથ ધરી હતી. દરિયાઈ વિસ્તારોમાં સહકાર વધારવા પગલા લેવામાં આવી રહ્યા છે. સબાંગ દરિયાઈ ક્ષેત્ર ભારતના સહકાર માટે ઈચ્છુક છે. સબાંગ કોર્ટ ખુબ જ વિકસિત કોર્ટ પૈકી એક છે. વડાપ્રધાન મોદી આગામી સપ્તાહમાં ઈન્ડોનેશિયાની યાત્રા કરનાર છે. અલબત્ત તેમના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી નથી. મોદીની આ પ્રથમ ઈન્ડોનેશિયન યાત્રા છે.

## દેવ ગૌડાને જન્મદિને મોદી અને રાહુલની શુભેચ્છા

પૂર્વ વડાપ્રધાન દેવ ગૌડાના આજે જન્મદિવસે વડાપ્રધાન મોદીએ તેમને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી તો કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી પણ દેવ ગૌડાને શુભકામનાઓ આપવામાં પાછળ રહ્યા ન હતા. પીએમ મોદીએ ટ્વીટ કર્યુ હતુ કે મેં એચ ડી દેવગૌડા સાતે વાત કરીને તેમને જન્મદિવસની શુભકામનાઓ આપી છે.

**REQUIRED**

One of The leading Stock Market leader Required staff for New Branches At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR .

❖ EQUITY DEALER CASH / F & O :- 3 ❖ TELE CALLER :- 3

❖ BACK OFFICE EXECUTIVE :- 4 ❖ OFFICE ASSISTANT BOY :- 3

Attractive Salary + Incentive + Petrol ,Banking & finance experience prefer fresher also apply to

MAIL :- bestboi123@gmail.com Or whatsApp No 9974703401 with full CV







**સાઈટ એન્જીયનીયર / સુપરવાઈઝર**

**જોઈએ છે**

ગાંધીનગર શહેર તથા ગુડા વિસ્તાર અને અમદાવાદ શહેરમાં સાઈટના બાંધકામ માટે અનુભવી સાઈટ એન્જીનીયર (B.E. અથવા D.E.) તથા સાઈટ સુપરવાઈઝર જોઈએ છે.

ઓછામાં ઓછો અનુભવ ૧ થી ૩ વર્ષનો અનુભવ

: સંપર્ક :

શાલીન સેન્ટ્રમ

પ્લોટ નં. ૨, સેક્ટર-૧૧, ગાંધીનગર

મો. ૯૮૭૯૦ ૭૭૧૭૭ / ૯૮૭૯૦ ૭૭૧૭૧

સોમથી શુક્રવાર : સવારે ૧૦ થી ૧ ● સાંજે ૩ થી ૬

